ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Dst Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date 14th June, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,

.......................................

ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 21th June, 2021**

**વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે Offline (20 લોકોની મર્યાદા) અને Online 'યોગ' કાર્યક્રમ**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દર વર્ષે 21 જૂને ઉજવવામાં આવે છે. આ દિવસ વર્ષનો સૌથી લાંબો દિવસ છે અને યોગ પણ માણસને લાંબુ જીવન આપે છે. 21 જૂન 2015 ના રોજ વિશ્વનો પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેની શરૂઆત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ 27 સપ્ટેમ્બર, 2014 ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં તેમના વક્તવ્યમાં કરી હતી જેમાં તેમણે કહ્યું હતું કે: "યોગ એ ભારતની પ્રાચીન પરંપરાનો અમૂલ્ય ઉપહાર છે, તે મન અને શરીરની એકતાનું પ્રતીક છે. યોગ એ માણસ અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સાથે વિચાર, મધ્યસ્થતા અને પરિપૂર્ણતા અંગે આરોગ્ય અને સુખાકારી માટેનો અભિગમ." આપણી અંદર એકતાની ભાવના, વિશ્વ અને પ્રકૃતિની શોધ આપણી બદલાતી જીવનશૈલીમાં સભાન બનવાથી તે આપણને હવામાન પરિવર્તનનો સામનો કરવામાં મદદ કરી શકે છે. તો ચાલો આપણે આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અપનાવવા તરફ પ્રયાણ કરીએ."

પ્રથમ યોગ દિવસની ઉજવણી દિલ્લીમાં યોજાઇ હતી અને તમામ વ્યવસ્થા આયુષ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 35,985 લોકોએ નવી દિલ્હીના રાજપથ ખાતે 35 મિનિટ સુધી અલગ અલગ 21 પ્રકારના આસનો સાથે યોજાયો હતો, આ કાર્યક્રમમાં બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલ છે. પ્રથમ રેકોર્ડ વિશ્વનો સૌથી મોટો યોગ વર્ગ 35,985 લોકો હાજર રહેવાનો અને બીજો રેકોર્ડ ભાગ લેનારા લોકોમાં અલગ અલગ મહત્તમ 84 દેશોના લોકો હાજર રહેલ.

વિશ્વ યોગ દિવસ 2021 **"Yoga at home and Yoga with Family"** થીમ અંતર્ગત કલ્યાણ પ્રદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. 21-06-2021ને સોમવારના રોજ ઉજવણી થવા જઇ રહી છે. લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે લોકો પોતાના રોજિંદા જીવનમાં યોગનું અમલીકરણ કરે અને યોગને પોતાની દૈનિક ક્રિયામાં મહત્વનું સ્થાન આપી પોતાના સ્વાસ્થ્ય અંગેની તકેદારી પ્રત્યે સજાગ રહે તે હેતુથી પ્રત્યક્ષ યોગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જાણીતા કરાટે નિષ્ણાંત શ્રી વિનોદભાઇ મલાણી દ્વારા યોગનું જીવનમાં મહત્વ સાથે વિવિધ આસનો દ્વારા શરીરની કાળજી અંગેની માહિતીની સાથે યોગ કરવવામાં આવશે. રસ ધરાવતા યોગ રસિકોએ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની વેબસાઇટ www.krcscbhavnagar.org / current events પર તા. 20-06-2021ને બપોરે 12.00 વાગ્યા સુધીમાં નામની નોંધણી કરવવાની રહેશે. આ કાર્યક્રમમાં નોંધણીના પ્રથમ 20 લોકોને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે ફિજીકલ કાર્યક્રમમાં જોડાવાનો મોકો મળશે. અન્ય લોકો ઓનલાઈન માધ્યમથી જોડાઈ શકશે. પ્રવેશ આપનાર તમામ લોકોએ કોરોના અંગેની તકેદારી રાખવાની રહેશે. વધુ માહિતી માટે 8866570111 પર સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં સંપર્ક કરી શકાશે.

(હર્ષદ જોષી) 14-6-21
1pm
કો-ઓર્ડિનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.